ડીસા તાલુકા પંચાયત પર ભાજપે કબજો જમાવ્યો

ડીસા, તા. ૧૪

ડીસા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની યોજાયેલ ચૂંટણીમાં ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખનો ૨૦ વિરૂદ્ધ ૧૭ મતે વિજય થતાં ભાજપના અગ્રણીઓમાં આનંદનો માહોલ છવાયો હતો.

ચૂંટણીમાં ભાજપ ૧૯, કોંગ્રેસ-૧૭ અને ૧ બેઠક અપક્ષને ફાળે ગઈ હતી. જ્યાં તાલુકા પંચાતની ધુરશી કબજે કરવા અંતિમ દિવસ સુધી કાવાદાવા ચાલુ રહ્યા હતા. આજ રોજ બપોરે ૧૨ કલાક દરમિયાન ડિસા મામલતદાર એચ.એમ. ભિન્ડેના અધ્યક્ષ સ્થાને યોજાયેલ ચૂંટણીમાં ભાજપના પ્રમુખના ઉમેદવાર ડાઈબેન વિજુભા વાઘેલાને ૨૦, ઉપપ્રમુખના ઉમેદવાર તેજાભાઈ ઘુડાભાઈ રબારીને ૨૦ મતો મળતા બન્નેને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે કોંગ્રેસના પ્રમુખના ઉમેદવાર સારદાબેન વસંતકુમાર ટાંક અને ઉપ પ્રમુખ પદના ઉમેદવાર રમેશસિંહ હેમસિંહ વાઘેલાને ૧૭ મત મળતા કોંગ્રેસના પ્રમુખ, ઉપપ્રમુખના ઉમેદવારો પરાજય થયો હતો. આમ ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખ એ ભાજપના ૧૯ અને ૧ અપક્ષ મળી ૨૦ સદસ્યોના ટેકાથી ડીસા તાલુકા પંચાયત પર સત્તાનું સુકાન સંભાળ્યું છે.

આમ આદમી માટે શું પલંગ કે શું ગાદી તકીયો, પ્લાસ્ટીકની ચીજવસ્તુ વેચતો ફેરીયો ગરમીની શરૂઆતમાં જ બે ઘડી આરામ ફરમાવી રહ્યો છે. શાહી પલંગ કે ખાટલા કરતા પોતાની હરતી-ફરતી દુકાન ગમે તે જગ્યાએ ઠંડા વાતાવરણમાં એક પુલના પીલર ઉપર આરામ કરતો નજરે ચડે છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ગોલ્ડ મેડલ એવોર્ડ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણનો ગોલ્ડ મેડલ એવોર્ડ સેરેમની-૨૦૧૩ કાર્યક્રમ તા. ૧૯મી માર્ચ-૨૦૧૩ને મંગળવારે બપોરે ૧૨.૧૫થી ૨.૧૫ કલાક દરમિયાન શેઠ તુલસીદાસ કીલાચંદ રંગભવન યુનિવર્સિટી કેમ્પસ, પાટણ ખાતે યોજાશે. ગોલ્ડ મેડલ એવોર્ડ વિતરણ સમારંભમાં ડૉ. શ્રીમતી કમલા બેનીવાલ, મુખ્ય મહેમાન તરીકે ગુણવંત શાહ, નિવૃત્ત આઈએએસ કે.પી. યાજ્ઞિક, ડૉ. નિદત્ત બારોટ, પ્રો. હેમાર્ડની રાઓ, ડૉ. ડી.એમ. પટેલ ખાસ ઉપસ્થિત રહેશે અને વિજેતાઓને ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરશે.

ખંભાતમાં શનિવારે ઉર્સ મુબારક

ગાંધીનગર, તા. ૧૪

ખંભાતમાં આવેલ સરકાર ગોસેઆઝમ (બગદાદવાળા) ના પૌત્રની દરગાહ સરકાર મીરાં સૈયદ અલીનાં ૭૯ઉના ઉર્સ નિમિત્તે તા. ૧૬મી ના રોજ મખદુમ અશરફ ઇન્ટરનેશનલ કોન્ફરન્સ રાખવામાં આવેલ છે. જેમાં મદીના શરીફ (સઉદીઅબરીયા) ના ઇમામ સાહેબ, શ્રીલંકા, લંડન, યુ.એ.ઇ., કેરલા, કીછૌછા, જાણીતા ઓલમાએદ્દીન ઉપસ્થિત રહેવાનાં છે. સે-૨૯ મદિના મસ્જિદના ઇમામ હાફિઝ ગુલામ રસૂલ અશરફીએ જણાવેલ છે.

જીરૂ, વરિયાળી, ઈસબગુલ અને રાયડોમાં સિઝનલ ઘરાકી સારી રહેવાની ધારણા

ઊંઝા, તા. ૧૪

ઊંઝા ગંજબજારમાં સિન ચાલતી હોઈ રવિપાકો જીરૂ, વરિયાળી, ઈસબગુલ અને રાયડોની નવા માલોની આવકો દિનપ્રતિદિન વધી રહી છે. આમાં મસાલાની ચીજો જીરૂ અને વરિયાળીની આવકો સૌથી વધુ છે. રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાંથી દરરોજ ૩૨,૦૦૦ થી ૩૫,૦૦૦ બોરી જીરાની આવકો થાય છે. જ્યારે રાજસ્થાનના આબુરોડ વિસ્તારમાંથી તથા ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાંથી વરિયાળીની ૮૦૦૦ બોરી જેટલી આવકો રહે છે. મધ્યપ્રદેશમાંથી ઈસબગુલના નવા માલની આવકનો પ્રારંભ થયો છે. આ ઉપરાંત રાયડોની આવક પણ ધીમી ગતિએ વધતી જાય છે.

સિઝન દરમ્યાન જીરા અને વરિયાળીની નવી આવકો સામે દેશની લોકલ ઘરાકી નીકળતાં માલોની ૧૦૦ થી ૧૨૫ રૂપિયાનો સુધારો થયો છે. માર્ચ અને એપ્રિલમાં સિઝનલ ઘરાકી સારી રહેવાની ધારણા છે. આગામી દોડ બે માસ દરમિયાન મસાલાની ચીજોની ધૂમ આવકો થશે તેવું અનુમાન છે. આ વર્ષે જીરાના પાકનું ખૂબ સારૂ ઉત્પાદન થવાનો અંદાજ છે. જૂનો સ્ટોક પણ વધુ છે. આથી ભાવ વધવાની શક્યતા ઓછી જણાય છે. વરિયાળીનું ઉત્પાદન ઓછુ થાય તેમ છે. પરંતુ જૂનો સ્ટોક પડ્યો હોઈ માલની તંગી ઉભી થાય તેમ નથી તેવું વેપારીઓનું કહેવું છે. જેથી સિઝનમાં સામાન્ય વધઘટે ભાવ જળવાયેલા રહેવાની ધારણા રખાય છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખની ચૂંટણી સંદર્ભે ઘાત-પ્રત્યાઘાત

પાલનપુર, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખની ચૂંટણી બાબતે ક્ષુબ્ધ થઈ ગયેલા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણે આજે જણાવ્યું હતું કે જિલ્લા પંચાયતના કોંગ્રેસના સભ્યોને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારને મત આપવાનો વ્હીપ પક્ષ દ્વારા આપવામાં આવ્યો હતો. આમ છતાં કોંગ્રેસના ચાર સભ્યોએ વ્હીપનો અનાદર કરતા તેમની સામે પક્ષ દ્વારા પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરવા પ્રદેશ કોંગ્રેસને જણાવી દેવામાં આવ્યું છે.

નવનિર્વાચિત જિલ્લા પંચાયતના અધ્યક્ષ રાજુભાઈ જોષીએ કોંગ્રેસ દ્વારા સક્ષમ અને સનિષ્ઠ કાર્યકરોને મેન્ડેટ આપવામાં ટટળાવવાની મનોવૃત્તિથી ત્રાસી જઈને ભાજપના સમર્થનથી પ્રમુખની ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસ યાત્રામાં બનાસકાંઠા જિલ્લાને પણ અગ્રેસર બનાવવા હુ મારી શક્તિઓને કામે લગાડીશ તેમ જણાવ્યું હતું.

ઊંઝાના બ્રાહ્મણવાડા નજીકથી પોલીસે દારૂ ભરેલી બોલેરો પકડી ૪.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ઊંઝા, તા. ૧૪

ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામ પાસે હાઈવે પરથી પસાર થઈ રહેલ દારૂ ભરેલ નવી બોલેરો ગાડીને પકડી પાડી કુલ ૪.૭૩ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે વિસનગર રોડ પરના રેલવે ફાટક પાસે બોલેરો ગાડીએ ઈનોવા કારને ટક્કર મારી હતી. આ અકસ્માત બાદ બોલેરો ગાડીનો ચાલક સિદ્ધપુર તરફ વાહન હંકારીને નાસી છુટ્યો હતો. જેથી ઊંઝા પોલીસને શંકાસ્પદ જણાતાં બોલેરો ગાડીનો પીછો કર્યો હતો. જેમાં બ્રાહ્મણવાડા પાસે હાઈવે પરથી ગાડી મુકીને તેનો ચાલક ક્યાંક ફરાર થઈ ગયો હતો.

દરમિયાન પોલીસે બોલેરો ગાડીની તલાશી લેતાં અંદરથી પરપ્રાંતની બનાવટની દારૂ ભરેલ ૧૯૨ બાટલીઓનો જથ્થો મળી આવતાં નવી બોલેરો ગાડી અને દારૂ મળી કુલ ૪.૭૩ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દારૂ ભરેલ ગાડીનો ચાલક ફરાર થઈ જતાં આ દારૂનો જથ્થો ક્યાંથી ક્યાં જતો હતો ? આ દારૂ કોણે મંગાવ્યો હતો ? તે અંગેની કોઈ જ વિગત બહાર આવી શકી નથી. પરપ્રાંતમાંથી વાયા પાલનપુર, સિદ્ધપુર-ઉંઝા, મહેસાણા, વિસનગરના માર્ગો પરથી પસાર થતી દારૂની ગાડીઓને ઝડપી લેવા પોલીસતંત્રે કમરકસી હેરાફેરી અટકે તે માટે જરૂરી પગલાં ભરવા જોઈએ તેવું પ્રજામાં બોલાય છે.

સાબરકાંઠા જીલ્લામાં બે બનાવમાં બે મોત

સાબરકાંઠા જીલ્લા ના -ંતિજ તાલુકા માં મંગળવાર ના રોજ સાંજે અને હિમતનગર તાલુકા માં બુધવાર ના રોજ સવારે બે અલગ અલગ બનાવ માં એક યુવતી સહીત બે મહિલા ના મોત નીપજયા હતા આ અંગે જેતે પોલીસ મથકે અકસ્માતે મોત નો ગુનો નોધી ઘટતી કાર્યવાહી કરી હતી.

વિગત મુજબ હિમતનગર તાલુકા ના શ્રીનાથનગર માં રહેતા ૯૨ વર્ષીય વૃદ્ધ મહિલા કમળાબેન મોહનલાલ રાવલ ઉમરલાયક હતા ઉપરાંત બીમારી થી પીડાતા જેના કારણે માનસિક સંતુલન રહેતું ન હતું જેથી કંટાળી ગામ ના કુવામાં બુધવાર ના રોજ સવારે ૬ વાગે પડી ગયા હતા આ અંગે હિમતનગર ફાયર બ્રિગેડ ને જાણ કરતા -તાપસિંહ દેવડા સ્ટાફ સાથે સ્થળ પર આવી વૃદ્ધ મહિલા ની લાશ કુવામાંથી બહાર કાઢી હતી આ અંગે મૃતક ના ભાઈ મધુસુદન મેહાનલાલ રાવલ એ હિમતનગર ગ્રામ્ય પોલીસ ને જાણ કરતા પોલીસ એ અકસ્માતે મોત નો ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી જયારે બીજો બનાવ -ંતિજ તાલુકા ના સલાલ ગામે નેશનલ હાઈવે-૮ પર ના સર્વિસ રોડ નજીક રહેતા મદનલાલ મોહનલાલ મિસ્ત્રી ના ઘરે બન્યો હતો મદનલાલ એ તેમની ૨૦ વર્ષીય દીકરી રેખા ને લગ્ન કરવા માટે કહેલ પરંતુ તે ગાંધીનગર માં સેક્ટર -૨૩ માં કડી સર્વ વિધ્યાલય માં કોલેજ માં ત્રીજા વર્ષ માં અભ્યાસ કરતી હતી લગ્ન કરવાનું કહેતા લાગી આવતા રેખા મંગળવાર ના રોજ સાંજ ના સુમારે ઘરે કોઈ ન હતું ત્યારે છત ના હુકે દુપટ્ટો બાંધી ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે -ંતિજ પોલીસ મથકે પિતા એ જાણ કરતા પોલીસ મોદી રાત્રી ના સ્થળ પર ગયેલ અને અકસ્માતે મોત નો ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી

નાબાર્ડની ટીમે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની મુલાકાત લીધી

તલોદ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં ૧૧૧ શાખા ધરાવતી અને ખેડૂત વર્ગ માટે જીવાદોરી સમી ભાસતી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કની મુલાકાતે ગતરોજ નાબાર્ડની એક ટીમ આવી હતી. નાબાર્ડના ચેરમેન ડૉ. પ્રકાશ બક્ષી, ચિફ જનરલ મેનેજર એચ.આર. દવે અને નાબાર્ડના અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ આ ટીમમાં સામેલ હતા. જેઓ જિલ્લા સહકારી બેન્કની કામગીરીથી પ્રભાવિત થયા હતા. એઓએ બેન્ક તથા સેવા સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતો, ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનો અને જિલ્લાની આમપ્રજાની સરાહનીય કામગીરીને પ્રેરણાદાયી લેખીને આવકારી હતી.

સોમવારના રોજ નાબાર્ડની આ ટીમે સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કની હિંમતનગર ખાતેની વડી કચેરીની ખાસ મુલાકાત લીધી હતી. જ્યાં બેન્કના ચેરમેન અમીચંદભાઈ હિરાભાઈ પટેલને નાબાર્ડના ચેરમેન ડૉ. પ્રકાશ બક્ષીને પુષ્પ ગુચ્છ અને મોમેન્ટો અર્પણ કરી તથા શાલ ઓઢાડી ભાવભર્યુ સન્માન કર્યું હતું. બાદ ટીમ અને બેન્ક સૂત્રોએ ચર્ચા વિમર્શમાં બેન્કના ચેરમેને છેલ્લા ૧૦ વર્ષમાં બેન્કે સાધેલી એકધારી પ્રગતિનો ચિતાર રજૂ કર્યો હતો. આ બેન્કની થાપણોમાં થતી અવિરત વૃદ્ધિ અને અનેકવિધ લોન યોજના દ્વારા જિલ્લાના ખેડૂતો તથા આમ આદમીના ઉત્કર્ષ માટેની કરવામાં આવતી કામગીરીથી નાબાર્ડના ચેરમેન પ્રભાવિત થયા હતા. સ્વ સહાય જૂથો, ડ્રિપ ઈરિગેશન અને લિફ્ટ ઈરિગેશન જેવા અનેકવિધ ક્ષેત્રે બેન્કે બજાવેલ કર્મઠ કામગીરીની આવેલ ટીમે હર્ષસભર નોંધ લીધી હતી. તેમજ સાબરકાંઠા બેન્કની ફ્રેન્ડ-ફિલોસોપર અને ગાઈડ તરીકેની ભુમિકાને પ્રવર્તમાન સ્પર્ધાત્મક યુગમાં સુયોગ્ય લેખાવી હતી. બેન્કની કામગીરી, પ્રગતિ અને સેવામાં કર્મચારીગણ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને આમ પ્રજાની બેન્ક પ્રત્યેની અનંત આસ્થાના ત્રિવેણી સંગમને આવેલ ટીમે બિરદાવ્યો હતો.

ભિલોડા તાલુકાના શામળપુર ગામની સેવા સહકારી મંડળીની પણ આ ટીમે મુલાકાત લીધી હતી. આ મંડળી દ્વારા ટ્રેક્ટર ખરીદીને ખેડૂતોને પોષાય તેવા ભાડાદરથી ટ્રેક્ટર ભાડે આપી આદિવાસી વિસ્તારની પ્રજાને માટે કરેલ જન ઉત્કર્ષની કામગીરીને પણ આવેલ ટીમે મુક્ત મને પ્રશંસા કરી હતી.

બેન્કની મુલાકાત દરમ્યાન બોર્ડ મેમ્બર્સ અને સ્ટાફ તથા બેન્કના ચિફ એક્ઝીક્યુટીવ એચ.પી. નાયક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભીલડી નજીક સાંડિયા ગામે છ વર્ષીય બાળકી પર બળાત્કાર

ભીલડી પોલીસે હવસખોર ૪૫ વર્ષીય આધેડની કરી ધરપકડ

ડીસા, તા. ૧૪

ડીસા તાલુકાના રાધનપુર હાઈવે રોડ પર આવેલ સાંડિયા ગામની પ્રાથમિક સ્કૂલમાં અભ્યાસ કરતી શ્રમજીવી પરિવારની છ વર્ષીય બાળકી પર એક નરાધમે પાશવી બળાત્કાર ગુજારતાં પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. જ્યારે બીજી તરફ ભોગ બનનાર માસુમ બાળકીને પોલીસે ભીલડી પ્રાથમિક આરોગ્યે કન્દ્રમાં સારવાર અપાવી હતી અને વધુ સારવાર અર્થે આ બાળકીને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. આ મામલે ભીલડી પી.એસ.આઈ. નાઈએ ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી જેલ હવાલે કરેલ છે.

આ અંગેની મળવી વિગતો જોતા ડીસા તાલુકાના સાંડિયા ગામે રહેતા વાલ્મીકી પરિવારની છ વર્ષીય પુત્રી ગામમાં જ આવેલી સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. જેમાં ગઈકાલે બપોરે અભ્યાસ અર્થે જઈ પરત આવતી આ છ વર્ષીય બાળકીને એકલી જોઈ પાઘડી અને ધોતિયુ પહેરેલા એક હવસખોર ઈસમે બિસ્કીટની લાલચ આપી ભોળવી નજીકના બાવળના ઝૂડમાં બાળકીને ઉઠાવી ગયો હતો અને તે બાદ આ

માસૂમ બાળકી પર અજાણ્યા હવસખોરે પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. જે બાદ ભયભીત અને દર્દથી કણસતી બાળકી ઘેર પહોંચતા પરિવારજનોએ પૂછપરછ કરતાં તેની પર બળાત્કાર થયાની હકીકત બહાર આવતા આ બાળકીની એક માત્ર નજીકના સગા એવી દાદીમાં ભીખીબેન વાલ્મીકીએ ભીલત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ સભ્ય સમાજ માટે શરમજનક અને ફિટકારરૂપ ઘટનામાં ગુનો દાખલ કરી ભીલડી પી.એસ.આઈ. નાઈ અને તેમની ટીમે ગણતરીના કલાકોમાં જ માસુમ બાળકી સાથે બળાત્કાર ગુજારનાર મોતીભાઈ જોટાભાઈ રબારી ઉં.વ. ૫૦ રહે. લોટવાડા તા. નવાડીયાવાલાને ઝડપી પાડ્યો હતો. માસૂમ બાળકી સાથે પાશવી બળાત્કાર ગુજારનાર ઈસમ પ્રથમ દૃષ્ટિએ માનસિક વિકૃતિ ધરાવતાં હોય તેવો લવારા કરતો જોવા મળ્યો હતો. આ મામલે વધુ તપાસ ભીલત પી.એસ.આઈ. નાઈ ચલાવી રહ્યા છે.

વિદ્યાનગરીમાં સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

હિંમતનગર, તા.૧૪

વિશ્વ મંગલમ કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ ઓફ સાયન્સ વિદ્યાનગરી હિંમતનગર ખાતે તાજેતરમાં ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનો શુભેચ્છા સમારંભ ડી.એલ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્યા તુલસીભાઈ વ્યાસે સ્વાગત વિધી કરી વિદાય લઈ રહેલા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને શુભકામના સારું-સુંદર તંદુરસ્ત જીવનની સાથે નિતિમત્તા પૂર્ણ જીવવાની શીખ આપી હતી ત્યારે નિયામક આર.બી. રાવલે વ્યસન અને ફેશનથી દૂર રહેવાની શીખ સાથે શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થી પ્રતિનિધિ અક્ષય શાહ અને કૃપાલી રાવલે પણ બે વર્ષમાં શાળામાંથી પ્રેમ-શિક્ષણ સંસ્કાર અને પરિવારની ભાવાને લાગણીસભર શબ્દોમાં વ્યક્ત કરી હતી. અંતે વિદ્યાર્થીઓએ શાળાને યાદગીરીરૂપે ભેટ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્યામસુંદર મહેતાએ કર્યું હતું.

ઈડરની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલમાં ગણિતની કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલ ઈડર દ્વારા વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ અને રુચી કેળવે તે હેતુથી ચાર દિવસ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓ ગણિતમાં રસ લેતા થશે તો સમાજનો પાયો મજબુત બનશે. ગણિતના ખ્યાલો સરળ અને સ્પષ્ટ સમજાવી શકાય. શિક્ષકો અને બાળકો સાથે મળી ગણિતના મોડલ તૈયાર કરે અને સ્પર્ધાત્મક પરિક્ષામાં બાળકોનો ગણિતનો પાયો મજબુત બને તે હેતુથી ચાર દિવસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાર દિવસ ચાલેલી કાર્યશાળામાં ૬ શિક્ષકો અને ૭૫ બાળકોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ-શિક્ષકોએ ભૂમિતિના મોડલો, ગાણિતિક રમતો, જાદુઈ ચોરસ, જાદુઈ આકૃતિઓ પાયથાગોરસ પ્રમેય, બેઝીક સુત્રો, ઘનાકારો સહિત ૫૫ જેટલા મોડલો બનાવ્યા હતા. આ કાર્યશાળા પછી બાળકોમાં ગણિત માટે વિશેષ રુચિ પેદા થઈ છે. સમગ્ર કાર્યશાળા પ્રો. પી.કે. વ્યાસના (અમદાવાદ ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર) માર્ગદર્શન થી યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમમાં શાળા પરિવારના વિનોદભાઈ પટેલ અને શૈલેષભાઈ પ્રજાપતિએ ભારે જહેમત ઉઠાવી હતી.

પાલનપુર શહેરના દિલ્હી ગેટ વિસ્તારના યુવાનોના ચામુંડા મિત્ર મંડળ દ્વારા આજે ત્રીજના રોજ મોટી બજારના ચામુંડા મંદિરે દર્શન કરી માતાજીના શણગારેલા રથ સાથે પગપાળા દર્શને સુંધાજી માતાજીના જય જયકાર સાથે રવાના થયા હતા. આ સંઘમાં મોટી બજારના ચોકસી યુવાનો અને દિલ્હીગેટ ચામુંડા મિત્ર મંડળના ૫૦ થી વધુ યુવાનો આજે ફાગણસુદ ત્રીજના રોજ સુંધાજી પગપાળા સંઘ આગામી ચાર દિવસમાં રાજસ્થાનના સુંધા (ચામુંડા) દર્શનાર્થે પહોંચશે. યુવાનો માના ગરબા સાથે ભજન-ધૂનની રમઝટ મચાવતા સુંધાજીના માર્ગે, આગળ વધી રહ્યા છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન